**Vidhyayana - ISSN 2454-8596**
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# તાપી જિલ્લામાં સખીમંડળો સાથે જોડાયેલ મહિલાઓનો અભ્યાસ

**કિરણકુમાર બી. ચૌધરી**

રીસર્ચ સ્કોલર, સમાજકાર્ય, ડિપાર્ટમેન્ટ ઓફ હ્યુમિનિટીસ એન્ડ સોસિયલ સાયન્સ, સુરેન્દ્રનગર યુનિવર્સિટી, વઢવાણ

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**સારાંશ**

यत्र नार्यस्तु न पुज्यते सर्वास्तगफलाः क्रियाः ा

यत्र नार्यस्तु पुज्यते रमन्ते तत्र देवता ाा

જ્યાં નારીનું સમ્માન નથી ત્યા બધા જ કાર્યો વિફળ જાય છે,

જ્યાં ગૌરવ જળવાય છે ત્યાં દેવતાઓ નિવાસ કરે છે.

આપણી સંસ્કૃતિમાં નારી મહિમા અનન્ય રીતે કરાયો છે. આ શ્લોક તેની સાક્ષી પુરે છે. સદીઓથી ભારતીય સંસ્કૃતિ અને સમાજના સર્વાંગી વિકાસમાં મહિલાઓનો ફાળો અતિ મહત્વનો રહ્યો છે. આજે સમતોલ વિકાસ સાધવા માટે મહિલા ઉત્થાન અનિવાર્ય બન્યો હોય તેમ જોઈ શકાય છે. ગુજરાત રાજ્યમાં મહિલાઓ સમ્માનભેર, સ્વાવલંબી પગભર અને ગૌરવપૂર્ણ જીવનની અધિકારી બને તે દિશામાં નક્કર કામગીરી થઈ રહી છે. ૧૯૯૧-૯૨માં નાબાર્ડ સ્વ-સહાય જુથોને મોટા પાયે પ્રોત્સાહન આપવાનું શરૂ કર્યું અને તે એસ.એચ.જી. ચળવળ માટે વાસ્તવિક ટેક-ઓફ પોઈન્ટ હતો. ૧૯૯૩માં રિઝર્વ બેંક ઓફ ઇન્ડીયાએ પણ એસ.એચ.જી.એસ.ને બેંકોમાં બચન ખાતા ખોલવાની મજુરી આપી હતી. અભ્યાસક્ષેત્ર તાપી જીલ્લામાં દર ૧૦૦૦ પુરુષે ૧૦૦૭ સ્ત્રીનુ જાતિ પ્રમાણે નોંધાયુ છે, જે સમસ્ત રાજ્યમાં સૌથી વધુ છે. તાપી જીલ્લામાં નેશનલ રૂરલ લવલીહુડ મિશનના આધારે ચાલતા મિશન મંગલમ્ સખીમંડળોમાં જોડાયેલ મહિલાઓનો પરિચય વિકાસ સખીમંડળમાં જોડવવાના કારણો, સખીમંડળ પર તેઓના વિચારો મહિલાનુ શિક્ષણ આર્થિક વ્યવસાય, ધંધા-રોજગાર અને સખીમંડળો દ્વારા આવેલ આર્થિક સારક્ષતા કે નિર્ધરતા વિષે સંશોધન કરવામાં આવશે. તાપી જીલ્લામાં સખીમંડળની વિગત વિહંગાવલોકન સ્વરૂપે પ્રસ્તુત સંશોધન કરવામાં આવ્યુ છે.

**ચાવીરૂપ શબ્દો:** તાપી, સખી મંડળ, ઈન્દીરા આવાસ યોજના, સ્વચ્છતા મિશન, ચિરંજીવી યોજના, સરદાર આવાસ યોજના

## ૧. પ્રસ્તાવના

આપણી સંસ્કૃતિમાં નારી મહિમા અનન્ય રીતે કરાયો છે. આ શ્લોક તેની સાક્ષી પુરે છે. સદીઓથી ભારતીય સંસ્કૃતિ અને સમાજના સર્વાંગી વિકાસમાં મહિલાઓનો ફાળો અતિ મહત્વનો રહ્યો છે. જે સાંપ્રત સમાજે સ્વીકારવું જ રહ્યું. સમતોલ વિકાસ સાધવા માટેફ મહિલા ઉત્થાનનો મહિલા કરવો અનિવાર્ય છે. મહિલા સશક્તિકરણની સાથે બાળ, કુંટુંબ અને સમજ પણ આપોઆપ સશક્ત બનવાના જ છે. ગુજરાત રાજ્યમાં મહિલાઓ સમ્માનભેર, સ્વાવલંબી પગભર અને ગૌરવપૂર્ણ

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

જીવનની અધિકારી બને તે દિશામાં નક્કર કામગીરી થઈ રહી છે. સરકારની આ હકારાત્મક નીતિને કારણે તમામ વર્ગ, જાતિ અને સમાજની બહેનો માટે ઉત્કર્ષના અવસર સર્જાયા છે. સમાજમાં મહિલાઓનું દરેક જગ્યાએ પ્રતિનિધિત્વ જળવાય તે માટે રાજ્ય સરકારે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૫૦% અનામત  પોલીસ ભરતીમાં 33% અનામત, સંપૂર્ણ મહિલા સમરસ મહિલા પંચાયતને વિશિષ્ટ ગ્રાન્ટ વિશિષ્ટ મહિલા આઈ.ટી.આઈ. જેવા અનેક પગલા દ્વારા મહિલા ઉત્કર્ષની દિશામાં નક્કર આયોજન કર્યું છે. મહિલા સુરક્ષા ચિરંજીવી યોજના, બેટી બચાવો, ઝુંબેશ મમતા દિવસ, કન્યા કેળવણી, રથયાત્રા, નારી અદાલત, કિશોરીઓમાં કુપોષણ મુક્તિ, મહિલા આયોગની રચના જેવા તબક્કાવાર પરિણામલક્ષી કદમ રાજ્ય સરકારે ઊઠાવ્યા છે. પ્રસ્તુત સંશોધન તાપી જીલ્લાના સંદબર્ભમાં કરવામાં આવ્યું છે.

## ૨. સખી મંડળોનો ઈતિહાસ

મોહમ્મદ યુનુસ દ્વારા સ્થાપવામાં આવેલી બાગ્લાદેશની ગ્રામીણ બેંકમાંથી સ્વ-સહાય જુથનું મુળ શોધી શકાય છે. એસ.એ.એચ.એસ. ૧૯૭૫માં શરૂ અને રચના કરવામાં આવી હતી. ભારતમાં ૧૯૮૬-૮૭માં નાબાર્ડની શરૂઆત કરવામાં આવી હતી. ગ્રામીણ વિસ્તાર ઉપલબ્ધ સંસ્થાકીય ધિરાણની ગેરહાજરીને કારણે સ્વ-સહાય જુથોની સ્થાપના થઈ છે.

૧૯૯૧-૯૨માં નાબાર્ડ સ્વ-સહાય જુથોને મોટા પાયે પ્રોત્સાહન આપવાનું શરૂ કર્યું અને તે એસ.એચ.જી. ચળવળ માટે વાસ્તવિક ટેક-ઓફ પોઈન્ટ હતો. ૧૯૯૩માં રિઝર્વ બેંક ઓફ ઇન્ડીયાએ પણ એસ.એચ.જી.એસ.ને બેંકોમાં બચન ખાતા ખોલવાની મજુરી આપી હતી. બેંક સેવાઓ મેળવવાની સુવિધા આંદોલનને મોટો પ્રોત્સાહન આપતી હતી. તમીલનાડુ મહિલા સશક્તિકરણ પ્રોજેક્ટ તમીલનાડુ મહિલા વિકાસ નિગમ દ્વારા અમલમાં મુકવામાં આવેલ આઇ.એફ.એ.ડી. ખ્યાલને રાજ્ય પ્રાયોજિત કાર્યક્રમમાં સમાવવાનો દેશનો પ્રથમ પ્રાજેક્ટ હશે.

સેલ્ફ-હેલ્થ ગ્રુપ સામાન્ય રીતે સંક્ષિપ્ત (એસ.એચ.જી) એક નાણાંકીય મધ્યસ્થી સમિતિ છે જે સામાન્ય રીતે ૧૮ થી ૪૦ વર્ષની વચ્ચેની ૧૦ થી ૨૫ સ્થાનિક મહિલાઓની બનેલી હોય છે. એસ.એચ.જી કોડ કે જેનું પુરુ નામ સેલ્ફ હેલ્પ ગ્રુપ છે. જે હિન્દીમાં સ્વ-સહાય જુથ એચના નામથી જાણી શકાય છે. આજ કાલ ગામમાં મહિલાઓના સ્તરને સુધારવા અને પ્રોત્સાહન આપવા માટે સ્વ-સહાય જુથોની રચના કરવામાં આવે છે. જે ગ્રામીણ વિસ્તારમાં સૌથી વધુ  છે.

સ્વ-સહાય જુથો (એસ.એચ.જી)  ગરીબ લોકોના નાના જુથો છે. એસ.એચ.જીના સભ્યો સમાન સમસ્યાઓનો સામનો કરે છે. તેઓ એકબીજાને મદદ કરે છે. તેમની સમસ્યઓ હલ કરવા માટે એસ.એચ.જી તેમના સભ્યોમાં નાની બચતને પ્રોત્સાહન આપે છે.


### ૩. સખી મંડળોના આંકડાઓ

National Rural Livelihoods Mission (NRLM) 2020-21 ના રીપોર્ટ મુજબ ભારત દેશમાં બધા રાજ્યોમાં કુલ ૭૧,૨૯,૭૯૩ સખીમંડળો કાર્યરત છે. જેની સભ્ય સંખ્યા ૭,૮૨,૩૦,૧૦૮ છે. ગુજરાતમાં નેશનલ રૂરલ લવલીહુડ મિશનના રીપોર્ટ પ્રમાણે કુલ ૨,૫૭,૪૧૬ સખીમંડળો કાર્યરત છે અને સભ્ય સંખ્યા ૨૬,૩૪,૩૦૮ છે. સૌથી ઓછા સખીમંડળો દેવભૂમિ દ્વારકામાં ૧૧૯ સખીમંડળો છે અને સૌથી વધુ સખીમંડળો દાહોદ જીલ્લામાં ૧૧૬૧૧ છે. જ્યારે અભ્યાસક્ષેત્ર તાપી જીલ્લા હાલના રીપોર્ટ મુજબ કુલ ૧૯૨૮૮ સખીમંડળો છે. જેમાંથી ૭૧૩૫ સખીમંડળો કાર્યરત છે. આમ, ગુજરાત રાજ્યમાં ૩૩ જીલ્લાઓમાં અલગ-અલગ ભૌગોલિક પરિસ્થિતિ અને વસ્તીમાં તફાવત હોવાથી સખીમંડળોની સંખ્યામાં પણ તફાવત જોવા મળે છે. ભારત સરકાર દ્વારા ગરીબી દુર કરવા માટે અલગ-અલગ પ્રકારના કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે અને પરિણામો લાંબે ગાળે મેર છે. તેથી ઘણા આર્થિક-સામાજિક પરિબળો અસર કરે છે અને સખીમંડળો પર નકારાત્મક અસર પણ કરી શકે છે. સખીમંડળોમાં માદા મહિલાના જુથ રચવાના હોવાથી ઘરની પ્રાથમિક જવાબદારી આર્થિક પ્રવૃત્તિ પર નકારાત્મક અસરો જોવા મળે છે. આર્થિક પ્રવૃત્તિની સફળતામાં બજાર સંગ્રહ, તાલીમ, વાહનવ્યવહાર, કાચામાલની પ્રાપ્યતા, સમયસર ધિરાણ, બેંક સાથે જોડતા અનેક આર્થિક મર્યાદાઓ રહેલ છે. તેમ છતાં પણ સરકાર દ્વારા અનેક મહિલાઓ માટેની યોજનાઓ હેઠળ સખીમંડળોને સાંકળીને અનેક લાભ આપવામાં આવે છે. જેમના પર આર્થિક રીતે હકારાત્મક નકારાત્મક અસરો જોવા મળે છે અને જુદા જુદા જીલ્લાઓની જુદી જુદી આર્થિક પરિસ્થિતિ રહેતી હોવાથી આર્થિક પ્રવૃત્તિ કરતા સખીમંડળો કેટલા છે ? અને આર્થિક રીતે પ્રવૃત્તિ સાથે કેટલા કાર્યરત સખીમંડળો છે, તે બાબતને ધ્યાનમાં રાખીને "તાપી જીલ્લામાં સખીમંડળો સાથે જોડાયેલ મહિલાઓનો આર્થિક અભ્યાસ" તાપી જીલ્લાના સંદર્ભમાં સમસ્યઓના ઉકેલની દિશામાં એક નાનકડો પ્રયાસ છે.

### ૪. તાપી જીલ્લાનો પરિચય

તાપી જિલ્લો ગુજરાતના દક્ષિણે ૨૧.૦૫ ઉત્તર અક્ષાંશ અને ૭૩.૨૦ પૂર્વ અક્ષાંશ વચ્ચે આવેલો છે. જે ૨ ઓક્ટોબર, ૨૦૦૭ના રોજ સુરત જિલ્લાના અમુક તાલુકાઓ છૂટા પાડી તેની રચના કરવામાં આવી છે, તેનું ક્ષેત્રફળ લગભગ ૩,૪૩૪.૬૪ ચો.કિમી જેટલું છે. તાપી જિલ્લાનું મુખ્યમથક વ્યારા છે, તેની પૂર્વમાં મહારાષ્ટ્ર રાજ્ય , દક્ષિણે ડાંગ અને નવસારી જિલ્લો, પશ્ચિમે સુરત જિલ્લો અને ઉત્તરે નર્મદા જીલ્લો આવેલો છે. થોડા વર્ષો પહેલાં જ બનેલા આ નવા જિલ્લામાં નવા સરકારી સંસ્થાનો અને અન્ય પાયાની સુવિધાઓ પરત્વે વિશેષ અને ઝડપી કામગીરી ચાલી રહી છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar




આ જીલ્લમાં કુલ ૭ તાલુકાઓ (વ્યારા, સોનગઢ, વાલોડ, ઉચ્છલ, નિઝર, ડોલવણ અને કુકરમુડા) આવેલા છે. તમામ તાલુકામાં કુલ મળીને ૨૯૧ ગ્રામ પંચાયત છે. બે શહેરો બે નગર પાલિકાઓ અને ૫૨૧ ગામો આ જીલ્લામાં સમાવેશ થાય છે.

તાપી જીલ્લાની વસ્તી ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ જિલ્લાની કુલ વસ્તી ૮૦૭૦૨૨ છે. પૈકી અહિ ૪૦૨૧૮૮ પુરુષો અને ૪૦૪૮૩૪ સ્ત્રીની વસ્તી નોંધાઈ છે. જીલ્લાની કુલ વસ્તી પૈકી ૭૨૭૫૩૫ ગ્રામીણ વસ્તી અને ૭૯૪૮૭ શહેરી વસ્તી નોંધવામાં આવી છે. રાજ્યની વસ્તીમાં તાપી જીલ્લાનો ૧.૩૩% હિસ્સો છે. તાપી જીલ્લામાં દર ૧૦૦૦ પુરુષે ૧૦૦૭ સ્ત્રીનુ જાતિ પ્રમાણે નોંધાયુ છે. જે સમસ્ત રાજ્યમાં સૌથી વધુ છે.

સાક્ષરતા દરની ચર્ચા પ્રમાણે જીલ્લામાં ૪૯૦૦૩૬ સાક્ષર વસ્તી છે. જે પૈકી ૨૬૯૦૦૭ પુરુષ અને ૨૨૧૦૨૯ સ્ત્રી સાક્ષર વસ્તી નોંધાયેલી છે. સાક્ષર વસ્તીમાં ૪૩૦૩૭૬ ગ્રામ્ય વસ્તી અને ૫૯૬૬૦ શહેરી સાક્ષર વસ્તી નોંધાઈ છે. તાપી જીલ્લામાં સાક્ષરતા દર ૨૦૧૧ વસ્તી ગણતરી પ્રમાણે ૬૮.30% છે.

તાપી જીલ્લામાં અનુસૂચિત જનજાતની વસ્તી ૬૭૯૩૨૦ (૮૪.૧૮%) અનુસૂચિત જાતિની વસ્તી ૮૧૬૮ (૧.૦૧%) નોંધવા પામી છે. તાપી જીલ્લાનો એક દસકાનો વસ્તી વૃદ્ધિ દર ૧૨.૧ ટકા નો છે. તાપી જીલ્લામાં નેશનલ રૂરલ લવલીહુડ મિશનના આધારે ચાલતા મિશન મંગલમ્ સખીમંડળોમાં જોડાયેલ મહિલાઓનો પરિચય વિકાસ સખીમંડળમાં જોડવવાના કારણો, સખીમંડળ પર તેઓના વિચારો મહિલાનુ શિક્ષણ આર્થિક વ્યવસાય, ધંધા-રોજગાર અને સખીમંડળો દ્વારા આવેલ આર્થિક સારક્ષતા કે નિર્ધરતા વિષે સંશોધન કરવામાં આવશે. તાપી જીલ્લામાં સખીમંડળની વિગત વિહંગાવલોકન સ્વરૂપે રજૂ કરવામાં આવશે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

તાપી જીલ્લામાં કાર્યરત અને બિનકાર્યરત સખીમંડળોની તાલુકાવાર સંખ્યા દર્શાવતો કોષ્ટક નીચે મુજબ છે.

**કાર્યરત/બિનકાર્યરત સખીમંડળોની માહિતી – ૦૯-૦૮-૨૦૨૧**

| ક્રમ | તાલુકો | કાર્યરત (સક્રિય) સખીમંડળોની સંખ્યા | આર્થિક પ્રવૃત્તિમાં જોડાયેલ સખીમંડળોની સંખ્યા | બીનકાર્યરત (અસક્રિય) સખીમંડળોની સંખ્યા | નિષ્ક્રિય સખીમંડળોની સંખ્યા | કુલ સખીમંડળોની સંખ્યા (માસિક પ્રગતિ અહેવાલના રીપોર્ટ મુજબ) |
|---|---|---|---|---|---|---|
| ૧ | નિઝર | ૫૯૩ | ૧૪૦ | ૧૫૭ | ૧૬૩ | ૯૧૫ |
| ૨ | કુકરમુંડા | ૪૩૪ | ૧૫૭ | ૨૨૭ | ૨૯૯ | ૯૬૦ |
| ૩ | ઉચ્છલ | ૧૦૫૩ | ૧૨૦ | ૭૮ | ૩૩૮ | ૧૪૬૯ |
| ૪ | સોનગઢ | ૧૮૩૮ | ૧૮૦ | ૬૭૦ | ૨૦૯ | ૨૭૧૭ |
| ૫ | વ્યારા | ૧૨૪૮ | ૩૫૦ | ૨૮૪ | ૨૫૮ | ૧૭૯૦ |
| ૬ | ડોલવણ | ૧૦૭૮ | ૨૬૯ | ૧૩૯ | ૪૬ | ૧૨૬૩ |
| ૭ | વાલોડ | ૮૮૯ | ૩૫ | ૨૦૯ | ૧૫૪ | ૧૨૫૨ |
| કુલ | | ૭૧૩૩ | ૧૨૫૧ | ૧૭૬૪ | ૧૪૬૭ | ૧૦૩૬૬ |

**સ્રોતઃ** તાપી જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

તાપી જીલ્લામાં કાર્યરત સખીમંડળોની તાલુકાવાર સંખ્યા દર્શાવતો કોષ્ટક આ મુજબ છે.

| **તાપી જીલ્લામાં કાર્યરત સખીમંડળોની માહિતી** | | |
|---|---|---|
| ક્રમ | તાલુકો | સક્રિય સખીમંડળોની સંખ્યા |
| ૧ | નિઝર | ૫૯૫ |
| ૨ | કુકરમુંડા | ૪૩૪ |
| ૩ | ઉચ્છલ | ૧૦૫૩ |
| ૪ | સોનગઢ | ૧૮૩૮ |
| ૫ | વ્યારા | ૧૨૪૮ |
| ૬ | ડોલવણ | ૧૦૭૮ |
| ૭ | વાલોડ | ૮૮૯ |
| કુલ | | ૭૧૩૫ |

કુલ સમષ્ટિના ન્યુનત્તમ નિદ્દશ પસંદગી ૨.૭૮% થી મહત્તમ નિદૃશ પસંદગી ૨૦ સુધીની હોવી આવશ્યક છે. જે મુજબ પ્રસ્તુત સંશોધનમાં કુલ સમષ્ટિ ૭૧૩૫ માંથી ૪.૯૦% નિદૃશ પસંદ કરવામાં આવશે. જે મુજબ કુલ સમષ્ટિ ૭૧૩૫ કાર્યરત (સક્રિય) સખીમંડળોમાંથી ૪.૯૦% મુજબ ૩૫૦ કાર્યરત સખીમંડળોની નિદૃશ પસંદગી સ્તરિત નિદૃશન પદ્ધતિ મુજબ કરવામાં આવશે. ત્યારબાદ સખીમંડળોમાંથી સભ્યોની પસંદગી કરવામાં આવશે અને કાયમી ઉછાણી ઝુમખા નમુના દ્વારા ગામડાની પસંદગી કરવામાં આવશે.


નિદ્દશની પસંદગી અનુસાર નમુનાઓ લેવા માટેની સંખ્યા દર્શાવતો કોષ્ટક નીચે મુજબ છે.

| તાપી જીલ્લાના તાલુકાઓ અને નમુના જુથની પસંદગી | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | તાલુકો | જુથની સંખ્યા (૨૦૨૦-૨૧) | નમુનાના જુથની પસંદગી (કુલ જુથના ૪.૯૦%) | સભ્યોની પસંદગી |
| ૧ | નિઝર | ૫૯૫ | ૨૯ | ૨૯ |
| ૨ | કુકરમુંડા | ૪૩૪ | ૨૧ | ૨૧ |
| ૩ | ઉચ્છલ | ૧૦૫૩ | ૫૨ | ૫૨ |
| ૪ | સોનગઢ | ૧૮૩૮ | ૯૦ | ૯૦ |
| ૫ | વ્યારા | ૧૨૪૮ | ૬૧ | ૬૧ |
| ૬ | ડોલવણ | ૧૦૭૮ | ૫૩ | ૫૩ |
| ૭ | વાલોડ | ૮૮૯ | ૪૪ | ૪૪ |
| કુલ | | ૭૧૩૫ | ૩૫૦ | ૩૫૦ |

સખીમંડળ યોજનાની ભૂમિકા મહિલાઓને થતા આર્થિક ફાયદાઓ જુથની રચના ઉત્તરદાતાઓનું સખીમંડળનું નામ રચનાનું પ્રોત્સાહન તેમનો હોદ્દો જુથ સાથે જોડાયાનો કેટલો સમય થયો સરકાર તરફથી મળતી સહાય અંગેની માહિતી સખીમંડળ જુથ રચવા માટે મહિલાઓને પ્રોત્સાહન અંગે સખીમંડળની બિચારણની ખરીદી કરવા અંગે, ઘરબેઠા રોજગારી કઈ રીતે મેળવે છે, વગેરે ને લગતી માહિતી આરોગ્ય વિષયક સુવિદ્યા અને સખીમંડળની સામાજિક જીવન ઉપર અસર જેમાં સામાજિક વ્યવસ્થાના ક્ષેત્રોમાં કૌટુંબિક દરજ્જા પર, જન્મ અંગેના રિવાજોમાં બાળકોના વિકાસમાં જીવનસાથીની પસંદગી


Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

અંગે કુટુંબ-નિયોજન અંગે, જાતિપંચ, વગેરે અંગેની માહિતી રજૂ કરેલ છે.





ઉપરોક્ત ગ્રાફ પરથી સ્પષ્ટ થાય છે કે, નમુના તરીકે લેવાયેલા ૩૫૦ સખીમંડળોમાંથી સૌથી વધુ સખીમંડળો સોનગઢ તાલુકામાં ૨૬% છે, જ્યારે વ્યારા ૧૮%, ઉચ્છલ ૧૫%, ડોલવણ ૧૫%, વાલોડ ૧૨%, નિઝર ૮%, કુકરમુંડા ૬% જોવા મળે છે.

**૫. સરકારી યોજનાઓનો લાભ લીધેલ અંગેનું વિવરણ**




ઉપરોક્ત ગ્રાફ પરથી ફલિત થાય છે કે કુલ ૩૫૦ ઉત્તરદાતાઓમાંથી ૭૬ ઉત્તરદાતાઓ એ ઇન્દીરા આવાસ યોજનાનો લાભ લીધેલ છે, જ્યારે સ્વચ્છતા મિશન હેઠળ સંડાસ ૬૭, ચિરંજીવી યોજના ૬૧, સરદાર આવાસ યોજના ૫૫ ઉત્તરદાતાઓ એ લાભ લીધેલ છે અને ૯૧ ઉત્તરદાતાઓ એ કોઈ પણ સરકારી યોજનાનો લાભ લીધેલ નથી, જેનું કારણ તેઓની પાસી યોજના માટેના જરૂરી દસ્તાવેજો ઉપલબ્ધ ન્હોતા.

### ૬. જ્ઞાતિવાર વિવરણ દર્શાવતો ગ્રાફ




ઉપરોક્ત ગ્રાફ પરથી ફલિત થાય છે કે સૌથી વધુ ધળિયા પટેલ જ્ઞાતિનું પ્રમાણ ૩૮.૯૩% હતું અને બીજા ક્રમે કુનબી જ્ઞાતિનું પ્રમાણ ૩૪.૩૫% હતું. આહિર ભરવાડનું પ્રમાણ ૨૪.૬૫ હતુ, જ્યારે અન્ય જ્ઞાતિની મહિલાઓનું પ્રમાણ ૨.૦૮ ટકા જોવા મળે છે. એટલે કે એમના કોષ્ટક પરથી જાણી શકાય છે કે શિક્ષણ વધવાથી પશુપાલનની જાગૃતિમાં પણ વધારો નોંધાયો છે અને શિક્ષણ કરતા પશુપાલન પ્રત્યે જાગૃતિમાં વધુ વધારો થયેલો જોવા મળ્યો હતો.

### ૭. તારણો

પ્રાથમિક અને દ્વિતિય માહિતી દ્વારા પ્રાપ્ત આંકડાકીય માહિતીને MS Excel અને PSPP અથવા SPSS સોફ્ટવેરનો ઉપયોગ કરીને ટકાવારી પદ્ધતિ સરાસરી કોષ્ટીકરણ તેમજ ઉત્કલ્પનાના પરીક્ષણ માટે ($x^2$) કોઈવર્ગ પરીક્ષણ, કોષ્ટીકરણ કરી જરૂરી આલેખો બનાવવામાં આવ્યા છે. સ્વ-સહાય જુથોનો હેતુ ધિરાણ લેવુ જુથોના સભ્યોનું સશક્તિકરણ અને આર્થિક રીતે ઉપાર્જન કેવી રીતે કરવું એમનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો અને આર્થિક રીતે સક્ષમ કેવી રીતે બની શકે તે માટે ગ્રામ વિકાસની પ્રવૃત્તિમાં મહત્વની ભૂમિકા હતી અને અન્ય તારણો આ પ્રમાણે જોવા મળે છે.

- સખીમંડળો સાથે જોડાયેલ મહિલાઓમાંથી અન્ય સરકારી યોજનાઓ અને ઇન્દીરા આવાસ યોજનાનો લાભ લીધેલ મહિલાઓ વધુ છે.
- તાપી જિલ્લામાં સખીમંડળો સાથે જોડાયેલ ધળિયા પટેલ જ્ઞાતિની મહિલાઓ સૌથી વધુ સરકારી યોજનાઓનો લાભ લે છે.

**સંદર્ભસૂચિ**

કાલરીયા, અશોક, મહિલા અને બાળ કલ્યાણની યોજનાઓ, ગાંધીનગરઃ માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર (૨૦૧૯-૨૦)

દરજી, હિના એન. (૨૦૧૮), ગુજરાતમાં સ્વ-સહાય જુથો અને મહિલા સશક્તિકરણઃ ખેડા જીલ્લામાં સખીમંડળોનો એક અભ્યાસ, રાજકોટઃ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

દવે, નેહલ આર. (ઓગ. ૨૦૧૨), સ્વ-સહાય જુથોનો તેના સભ્યોના આર્થિક-સામાજિક વિકાસમાં ફાળો (બનાસકાંઠા જીલ્લાના સંદર્ભે), રાજકોટઃ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

મકવાણા, મનહર (૨૦૧૨), સ્વ-સહાય જુથ દ્વારા મહિલા સશક્તિકરણ (જુનાગઢ જીલ્લાના ચાર તાલુકાના સંદર્ભમાં), અમદાવાદઃ ગૂજરાત વિદ્યાપીઠ

માછી, ભરત કે, (એપ્રીલ ૨૦૧૬) આદિવાસી મહિલાઓના વિકાસમાં સખીમંડળની ભૂમિકાઃ એક સમાજશાસ્ત્રીય અભ્યાસ (ગુજરાત રાજ્યના ડાંગ જીલ્લાના સંદર્ભમાં, વલ્લભવિદ્યાનગરઃ સરદાર પટેલ યુનિવર્સિટી

રાવલ, અમિત, 'ભારતમાં મહિલા ક્રાંતિના મસિહા તરીકે ડો. બાબાસાહેબ આંબેડકર' રિસર્ચગુરૂ ૧૭ (૧): ૩૯-૪૨

Jag , Mohan Sarala (1996) "4" Handbook of Twenteenth Century Literature of India, West Posrt Connecticut, Greenwood Publishing Group

Patel, Maya J. (2017), A Role of Self-Help Groups in Socio Economic Development of Women: A Casestudy of Sabarkantha District, Patan: Hemchandracharya North Gujarat University